નવી બાબત વર્ષ ૨૦૨૪-૨૫
ગટર ગૂંગળામણને કારણે
મૃત્યુ પામેલ સફાઈ
કામદારના આશ્રિત બાળકોને
શિષ્યવૃત્તિ આપવા બાબત

ગુજરાત સરકાર
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ
ઠરાવ ક્રમાંક: SJED/GSK/e-file/17/2023/3587/G
સચિવાલય, ગાંધીનગર
તા.૧૨/03/૨૦૨૪

વંચાણમાં લીધા:

(૧) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૬/૧૨/૨૦૨૩નો પત્ર ક્રમાંક:અજાક/મ-૧/૨૦૨૩/૬૨૩૦-૬૨૩૨

(૨) નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણનો તા.૧૬/૦૨/૨૦૨૪નો પત્ર ક્રમાંક:અજાક/મ-૧/૨૦૨૪/૫૫૧-૫૨

આમુખ:

નામદાર સુપ્રિમકોર્ટ દ્વારા રીટપીટીશન (પી.આઇ.એલ.) ૩૨૪/૨૦૨૦ બલરામસિંઘ વિરૂધ્ધ યુનિયન ઓફ ઇન્ડિયાના કેસમાં તા.૨૦/૧૦/૨૦૨૩ના ચુકાદાથી ગટર સફાઇની કામગીરી દરમ્યાન ઝેરી ગેસ ગળતર થવાથી ગૂંગળામણથી મૃત્યુ પામેલ સફાઇ કામદારના વારસદારોને શિક્ષણ અને પુન: વસન માટેની જોગવાઇ કરવા આદેશ કરવામાં આવેલ છે. તેમજ ભારત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા મંત્રાલય, નવી દિલ્હીના તા.૧૪/૧૧/૨૦૨૩ના પત્રથી મળેલ દિશા સૂચન મુજબ મૃત્યુ પામેલ સફાઇ કામદારના બાળકોને ઉચ્ચ અને ઉત્તમ શિક્ષણ મળી રહે તે હેતુથી સરકારશ્રી દ્વારા મળતી શિષ્યવૃતિ ઉપરાંત શિષ્યવૃતિ આપવા દિશા નિર્દેશ કરવામાં આવેલ છે. આમ, વર્ષ ૨૦૨૪-૨૫ માટે અંદાજીત કુલ-૪૦ બાળકો માટે રૂ.૩,૦૦૦ x માસ ૧૨ x બાળકો ૪૦ =રૂ. ૧૪,૪૦,૦૦૦/-(અંકે રૂપિયા ચૌદ લાખ ચાલીસ હજાર પૂરા)ની નવી બાબતનો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવા નિયામકશ્રી અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક : (૧) પરના તા.૧૬/૧૨/૨૦૨૩ પરના પત્રથી દરખાસ્ત કરવામાં આવેલ, જેનો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ના અંદાજપત્રમાં સમાવેશ કરવામાં આવેલ છે. ત્યારબાદ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણના વંચાણે લીધેલ ક્રમાંક: (૨) પરના તા.૧૬/૦૨/૨૦૨૪ના પત્રથી સદરહુ નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે, જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, નામદાર સુપ્રિમકોર્ટના ચુકાદા અન્વયે રાજ્યમાં ગટર ગૂંગળામણને કારણે મૃત્યુ પામેલ સફાઈ કામદારના આશ્રિત બાળકોને અન્ય શિષ્યવૃતિ ઉપરાંત માસિક રૂ.3000/- લેખે શિષ્યવૃત્તિ આપવાની રૂ.૦.૧૪ કરોડની નવી બાબતને આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ઉક્ત યોજના માટેના ધોરણો તથા શરતો નીચે મુજબ રહેશે.

1. સફાઈ કામદારનુ મૃત્યુ ગટર સફાઇની કામગીરી દરમ્યાન ઝેરી ગેસ ગળતર થવાથી ગૂંગળામણથી થયેલ હોવું જોઇએ.
2. આ યોજનાનો લાભ ગટર સફાઇની કામગીરી દરમ્યાન ઝેરી ગેસ ગળતર થવાથી ગૂંગળામણને કારણે મૃત્યુ પામેલ સફાઈ કામદારના તમામ આશ્રિત બાળકોને મળવાપાત્ર રહેશે.
3. આ શિષ્યવૃત્તિ યોજનાનો લાભ સરકારશ્રી દ્વારા આપવામાં આવતી અન્ય શિષ્યવૃત્તિ યોજનાઓના લાભ ઉપરાંત આપવાનો રહેશે.
4. સફાઈ કામદારના ગટર ગૂંગળામણને કારણે થયેલ મૃત્યુના પછીના મહિનાથી સફાઈ કામદારના તમામ બાળકોને આ શિષ્યવૃત્તિ યોજના અંતર્ગત ૧૨ મહિના માટે માસિક રૂ.3000/- પ્રમાણે DBT મારફતે લાભ આપવાનો રહેશે.
5. સદરહુ યોજનાનો લાભ ધોરણ-૧ થી લઈને સ્નાતક કક્ષાના અભ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થી/વિદ્યાર્થિનીને આપવાનો રહેશે.
6. આ યોજના હેઠળ નિયત થયેલ લાભાર્થીઓની મર્યાદામાં જ તેમજ અંદાજપત્રિય જોગવાઇની મર્યાદામાં જ સહાય ચુકવવાની રહેશે. કોઇપણ સંજોગોમાં આ યોજના હેઠળ નિયત નાણાકિય મર્યાદા અને લાભાર્થીની સંખ્યા વધે નહી તે મુજબનું આયોજન કરવાની તકેદારી નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ તથા ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ દ્વારા રાખવાની રહેશે.
7. આ યોજનાનો અમલ નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ હસ્તકના ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ મારફતે કરવાનો રહેશે.
8. પારદર્શક પ્રક્રિયા અનુસરી લાભાર્થીની પસંદગી કરવાની રહેશે.
9. ઓનલાઇન અરજી કરવાનું અને મંજૂરી આપવાનું પ્રાવધાન રાખવાનું રહેશે.
10. નાણાકિય સહાય નિયત કરેલ સમયાંતરે DBT પધ્ધતિથી જ આપવાની રહેશે.
11. આ યોજનાને DBT Portal ઉપર ફરજીયાત નોંધવાની રહેશે.
12. C.M Dash Board સાથે યોજના Link કરવાની રહેશે.
13. યોજનાના મોનીટરીંગની યોગ્ય વ્યવસ્થા કરવાની રહેશે.
14. Social Audit અને Third party Verification પણ સમયાંતરે કરાવી સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.
15. યોજનાકીય મેનપાવરની મર્યાદામાં જ ખર્ચ કરવાનો રહેશે.

16. કેન્દ્ર સહાયિત યોજનામાં ફંડ કેન્દ્ર સરકાર ફાળવે તે મુજબ જ યોજનાકીય લાભ લાભાર્થીને આપવાનો રહેશે.
17. પ્રવર્તમાન યોજનાના નોર્મ્સ અને સહાયની રકમોમાં જો ફેરફાર કરવાનો થતો હોય તો તે અંગે રાજય સરકારના આદેશો મેળવી લેવાના રહેશે.
18. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
19. પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઈ કરાવી લેવાની રહેશે.
20. આ અંગેનું ખર્ચ રાજય સરકારના સ્થાયી તેમજ વખતો-વખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઈઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.
21. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
22. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
23. યોજના હેઠળ નિયત કરવામાં આવેલ શરતોનું ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે.
24. સદર વહીવટી મંજુરી અન્વયે સતત ત્રણ વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજુરી આપોઆપ રદ ગણાશે.

આ અંગેનું ખર્ચ માંગણી ક્રમાંક : ૯૫; મુખ્ય સદર :૨૨૨૫, અનુસૂચિત જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ અને અન્ય પછાતવર્ગોનું કલ્યાણ; પેટા-મુખ્ય સદર: 01 અનુસૂચિત જાતિઓનું કલ્યાણ; ગૌણ સદર: ૧૦૨ આર્થિક વિકાસ; પેટા સદર: ૦૨ SCW-12 રોજગારી અને આવકના સ્રોત ઊભા કરવા આર્થિક ઉત્થાન યોજના હેઠળ ઉધારવાનું રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ઈ-ફાઇલ પર નાણા વિભાગની તા.૦૮/03/૨૦૨૪ની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

eSign
Signed by: SANTOSHKUMAR SURESHBHAI VASAVA
Organization Unit: Social Justice and Empowerment Department
Organization Name: GOVERNMENT OF GUJARAT
Date: 12-Mar-2024 (04:39 PM)

( સંતોષ વસાવા )
સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ

નકલ રવાના:

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- માન. રા.ક.મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર.

- અધિક મુખ્ય સચિવશ્રી(સા.ન્યા)ના રહસ્ય સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, સચિવાલય, ગાંધીનગર
- ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
- તમામ જિલ્લા નાયબ નિયામકશ્રી(અ.જા.) (નિયામકશ્રી,અજાક મારફત)
- સેક્શન અધિકારીશ્રી(કો.સેલ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય તરફ વિભાગની વેબસાઇટ પર મૂકવાની વિનંતી સહ.
- સિલેકટ ફાઇલ-૨૦૨૪